અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૫૯ | ૧૮ ઓગસ્ટ, ૨૦૨૦, મંગળવાર; શ્રાવણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

નવા કેસ

રાજ્ય	૧૦૩૩
અમદાવાદ	૧૫૮
ગાંધીનગર	૩૨

જેઈઈ મેઈન-નીટની પરીક્ષા સમયસર યોજો : સુપ્રીમ

વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખીલવાડ ન કરવા દેવાની ચેતવણી : જેઈઈ મેઈન ૨૦૨૦ની પ્રવેશ પરીક્ષા ૧ સપ્ટેમ્બરથી અને નીટ ૨૦૨૦ની પરીક્ષા ૧૩ સપ્ટે.થી યોજાશે

નવી દિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે જેઈઈ મેઈન અને નીટની એક્ઝામ મુલતવી રાખવા અંગેની અરજી ફગાવી દીધી છે. સુપ્રીમે કહ્યું છે કે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થઈ શકે નહીં. જેઈઈ મેઈન ૨૦૨૦ની પ્રવેશ પરીક્ષા ૧ સપ્ટેમ્બરથી અને નીટ ૨૦૨૦ની પરીક્ષા ૧૩ સપ્ટેમ્બરથી યોજાવાની છે. આ અંગેની અરજી ફગાવતા જસ્ટિસ અરુણ મિશ્રાની પીઠે કહ્યું કે શું કોરોનાને કારણે દેશમાં બધું જ રોકી દેવામાં આવશે? વિદ્યાર્થીઓનું એક કિંમતી વર્ષ આમ જ બરબાદ કરી દેવું યોગ્ય ગણાશે? સુપ્રીમ કોર્ટમાં કરાયેલી અરજીમાં કોરોના સંક્રમણના વધતા જતા કેસના કારણે સપ્ટેમ્બરમાં યોજાનારી પ્રવેશ પરીક્ષાઓ રદ કરવાની માગ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન વિદ્યાર્થીઓનો પક્ષ રજૂ કરી રહેલા વકીલે જસ્ટિસ અરુણ મિશ્રાને પૂછ્યું કે જો પરીક્ષા યોજવામાં નહીં આવે તો દેશને નુકશાન નહીં થાય?

● અનુસંધાન પાન-૭ પર

બારામુલામાં સીઆરપીએફ પર આતંકીઓ હુમલો : ત્રણ જવાન શહિદ

શ્રીનગર,તા.૧૭

જમ્મુ કશ્મીરના બારામુલા વિસ્તારમાં આજે સવારે સીઆરપીએફની ટુકડી પર આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલામાં એક સ્પેશિયલ પોલીસ ઑફિસર અને સીઆરપીએફના બે જવાનો શહીદ થયા હતા.

સીઆરપીએફ ટુકડી પર આતંકવાદી હુમલો કરીને હુમલાખોરો નાસી જવામાં સફળ થયા હતા. સિક્યોરિટી દળોએ સમગ્ર કેઈરી વિસ્તારને ઘેરી લીધો હતો. ચોમેર હુમલાખોરોની તપાસ જારી હતી. આજે સવારે સીઆરપીએફની ટુકડી કેઈરી વિસ્તારમાં નાકા પાર્ટી તરીકે ફરજ બજાવી ૨ હી હતી ત્યારે ઓચિંતા ત્રાટકેલા આતંકવાદીઓએ આડેધડ ફાયરીંગ શરૂ કરી દીધું હતું. આ ફાયરીંગમાં સીઆરપીએફની ૧૧૯ બટાલિયનના બે જવાનોને ઈજા થઈ હતી. પાછળથી આ બંને જવાનોના મરણ નીપજ્યાં હતાં. આ ઉપરાંત જમ્મુ કશ્મીર પોલીસના એક વરિષ્ઠ અધિકારી પણ શહીદ થયા હતા. આમ ત્રણ જવાનો શહીદ થયા હતા.

છેલ્લા થોડા સમયથી આતંકવાદીઓ સતત સિક્યોરિટી દળો પર ત્રાટકી રહ્યા હતા. શુક્રવારે શ્રીનગરની ભાગોળે આવેલા નૌગામ બાયપાસ વિસ્તારમાં આતંકવાદીઓએ પોલીસ પાર્ટી પર હુમલો કર્યો હતો અને એ હુમલામાં બે પોલીસ જવાનો શહીદ થયા હતા. આ હુમલો જૈશ એ મુહમ્મદ દ્વારા કરાયો હોવાનો ખુલાસો પાછળથી થયો હતો. એના બે દિવસ અગાઉ બારામુલાના સોપોર વિસ્તારમાં ભારતીય લશ્કરની એક ટુકડી પર હુમલો કરાયો હતો. એ હુમલામાં એક જવાનને ઈજા થઈ હતી.

છેલ્લા પંદરેક દિવસમાં કૉંગ્રેસ અને ભાજપ સાથે સંકળાયેલા સરપંચો તથા સિક્યોરિટી પર પર સતત આતંકવાદી હુમલા કરાયા હતા. કૉંગ્રેસ અને ભાજપ બંનેના એક એક સરપંચ ઠાર થયા હતા.

ભારતીય લશ્કરના પ્રવક્તા માને છે કે સ્થાનિક સહકાર વિના આ રીતે આતંકવાદીઓ સિક્યોરિટી પર ત્રાટકી શકે નહીં. સ્થાનિક સ્લીપીંગ સેલ્સને જેર કરવાની જરૂર છે.

સેનાએ ત્રણ આતંકીઓને ઠાર કર્યા

જમ્મુ-કાશ્મીરના બારામૂલા માં સીઆરપીએફની નાકા પાર્ટી પર સોમવારે થયેલા આંતકી હુમલામાં શહીદ થયેલા સાથીઓનો બદલો ભારતીય સેનાએ લઈ લીધો છે. સીઆરપીએફની નાકા ટીમ પર હુમલાના દોઢ કલાકની અંદર જ ભારતીય સુરક્ષાદળોએ વિસ્તારમાં છુપાયેલા ત્રણેય આતંકવાદીઓને ઢાળી દીધા છે. ઠાર મરાયેલા તમામ આતંકી લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા હોવાનું કહેવાય છે.

અમેરિકામાં ત્રણ સ્થળે ગોળીબાર : ૮ના મોત

ફિલાડેલ્ફિયા,તા.૧૭

અમેરિકાના સિનસિનાટી વિસ્તારમાં રવિવારે ત્રણ જુદી જુદી જગ્યાએ ગોળીબારના બનાવ બન્યા હતા જેમાં આઠ વ્યક્તિનાં મરણ થયાં હતાં અને અઢાર વ્યક્તિને ઈજા થઈ હતી. સહાયક પોલીસ કમિશનર પૉલ ન્યૂડીગેટે મિડિયાને કહ્યું હતું કે ફિલાડેલ્ફિયાના ઓવર-ધ-રિને વિસ્તારમાં થયેલા ગોળીબારમાં ૧૦ વ્યક્તિને ગોળી વાગી હતી. બે જણ ત્યાંજ મરણ પામ્યા હોવાની આશંકા હતી.

આ જ સમયે શહેરના વોલ્ટન હિલ્સ વિસ્તારમાં હેરિયટ બીચર સ્ટોઈ હાઉસ પાસે પણ ગોળીબાર થયા હતા. ત્રણ જણ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત એવાન્ડેલ વિસ્તારમાં ચાર વ્યક્તિ પર ગોળીબાર કરાયા હતા. ત્યાં બે વ્યક્તિ મરણ પામી હોવાની આશંકા હતી. જો કે કોઈ શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ થઈ નહોતી.

યોગાનુયોગે શનિવારે નોર્થ ફિલાડેલ્ફિયામાં યુવાનોના સમૂહમાં થયેલા ગોળીબારમાં પાંચ વ્યક્તિને ઈજા થઈ હતી. વીક એન્ડ પર એક જ સ્થળે બસોથી વધુ યુવાનો હાજર હતા અને એ દરમિયાન કોઈ બનાવ બનતાં ગોળીબાર થયા હતા. ઈજાગ્રસ્ત પાંચે યુવાનોની સ્થિતિ સ્થિર હતી.

પોલીસ કમિશનર ડેનિયલ આઉટલૉએ કહ્યું હતું કે શનિવારે કશુંક બનવાની શંકાપોલીસને હતીજ. પોલીસ સાવધ હતી.

● અનુસંધાન પાન-૭ પર



કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૨૧૯૦૦૦૫૪	૭૭૪૩૯૪	૧૪૪૮૨૧૩૦
ભારત	૨૬૯૦૪૭૩	૫૧૭૮૯	૧૯૬૫૩૨૮
ગુજરાત	૭૯૮૧૬	૨૮૦૨	૬૨૬૭૯
ગાંધીનગર	૨૦૫૨	૧૧૪	૧૬૬૬

દેશમાં ૨૪ કલાકમાં વધુ ૬૫ હજાર કેસ

છેલ્લા ૨૪ કલાકમાં ૯૯૬નાં મોત : દેશમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધર્યો : દેશમાં ૫૭૩૮૧ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થયા

નવી દિલ્હી, તા.૧૭

ભારતમા સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૨૫ લાખને ઓળંગી ગયો છે. ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૫૦૦૨ કેસ નોંધાતા કુલ કેસ ૨૫૨૬૧૯૨ થઈ ગયા છે. બીજી તરફ, દેશમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૭૩૮૧ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧૮૦૮૯૩૬ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯૯૬ લોકોએ કોરોનાના કારણે પોતાનો

● અનુસંધાન પાન-૭ પર

છેલ્લે... છેલ્લે...

- બિહારમાં લોકડાઉનને સપ્ટેમ્બર સુધી વધારાયું
- સંસદના ચોમાસુ સત્રની તૈયારી, સાંસદોના બેસવાની વ્યવસ્થા બદલાશે
- વડાપ્રધાન મોદી સપ્ટેમ્બર મહિનામાં અટલ રોહતાંગ ટનલનું કરશે ઉદ્ઘાટન
- દ્રશ્યમ અને મદારી ફિલ્મના નિર્દેશક નિશિકાન્તનું નિધન
- પોરબંદરના સાંસદ રમેશ ધડુક કોરાનાથી સંક્રમિત
- બીએસએફના ડીજી તરીકે રાકેશ અસ્થાનાની નિમણૂક

લોકડાઉનથી દેશનો જીડીપી વધુ ઘટી શકે : કુમાર મંગલમ

આર્થિક સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતા ઉદ્યોગપતિ : સો વર્ષે એક વાર સર્જાતી કપરી સ્થિતિઃ ૮૦ ટકા જિલ્લામાં આર્થિક ગતિવિધિ મંદ પડી : શેરધારકોને પત્રમાં લખ્યું

નવી દિલ્હી, તા.૧૭

દેશના અગ્રણી ઉદ્યોગપતિ અને હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન કુમાર મંગલમ બિરલાએ કહ્યું છે કે કોરોના મહામારી અને તેને પગલે લાગુ કરાયેલાં લોકડાઉનને કારણે દેશમાં સો વર્ષે એકવાર સર્જાય તેવી આર્થિક મંદી સર્જાઈ છે. આ નાણાંકીય વર્ષમાં પણ દેશનો જીડીપી ઘટે તેવી આશંકા તેમણે વ્યક્ત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

દિગ્ગજ શાસ્ત્રીય ગાયક પંડિત જશરાજનું નિધન

વિશ્વભરમાં શાસ્ત્રીય ગાયનનો જાદૂ પ્રસરાવ્યો હતો : વડાપ્રધાન મોદી સહિત નેતા-કલાકારોએ શ્રદ્ધાંજલિ પાઠવી

નવી દિલ્હી, તા.૧૭

પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક પંડિત જસરાજનું ૯૦ વર્ષની વયે અમેરિકાના ન્યુજર્સીમાં તેમનું દુઃખદ નિધન થયું છે. જસરાજ ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયકોમાંથી એક હતા. પંડિત જસરાજનો સંબંધ મેવાતી ઘરાનાથી રહ્યો છે. મીડિયા રિપોર્ટ મુજબ તેમની દીકરી દુર્ગા જસરાજે જણાવ્યું કે,'દુઃખ સાથે જણાવી રહ્યા છીએ કે સંગીત માર્તંડ પંડિત જસરાજનું અમેરિકામાં ન્યુજર્સીમાં સવારે ૫:૧૫ વાગ્યે કાર્ડિયાક એટેકથી નિધન થયું છે.લ્ત તેમણે આગળ કહ્યું કે,'અમે પ્રાર્થના કરીએ છીએ કે ભગવાન શ્રીકૃષ્ણ સ્વર્ગમાં તેમનું પ્રેમથી સ્વાગત કરે. જ્યાં હવે પંડિતજી ઓમ નમો ભગવતે વાસુદેવાય માત્ર તેમના પ્રિય ભગવાન માટે જ ગાશે. અમે પ્રાર્થના કરીએ છીએ કે તેમના

● અનુસંધાન પાન-૭ પર

ડેપસાંગ, ગોગરામાંથી સૈનિકો હટાવવા ચીનનો સ્પષ્ટ ઈનકાર

મેજર જનરલ સ્તરની ચર્ચા બાદ ચીનનું અક્કડ વલણ : ચીની સૈનિકોએ ફિંગર એરિયામાં ત્રણ મહિનાથી વધુ સમયથી બંકર નિર્માણ કરી અહીં સ્થિતિ મજબૂત બનાવી

નવી દિલ્હી, તા. ૧૭

ભારત સાથે સૈન્ય મંત્રણા પછી પણ ચીન લદ્દાખ સરહદેથી પીછેહઠ કરવા માટે તૈયાર નથી. ફિંગર એરિયા,ડેપસાંગ અને ગોગરામાંથી ચીને તેની સેના પાછી ખેંચી નથી. જોકે, તેમ છતાં તેણે ભારતની સાથે સૈન્ય સ્તરની મંત્રણાઓ જારી રાખી છે. ચીનના આ અક્કડ વલણને લઈને ભારતના રાજકીય અને સેનાના વડાઓ આગળની રણનીતિ અંગે ગંભીર વિચારણા કરી રહ્યા છે. ચીની સૈનિકો ફિંગર એરિયામાં ત્રણ મહિનાથી વધુ સમય સુધી મોજૂદ છે અને બંકર નિર્માણ કરીને તેમણે અહીં પોતાની સ્થિતિ મજબૂત બનાવી દીધી છે. સમાચાર સંસ્થા એએનાઈના રિપોર્ટ પ્રમાણે, એક તરફ ચીનના સૈનિકો લદ્દાખ સહિતના એરિયામાં તેમની હાજરી અને સ્થિતિ મજબૂત બનાવી રહ્યા છે તો બીજી તરફ ભારતીય નેતાઓ ચીન સાથે આ મામલે ચર્ચા કરવા માટે તૈયાર થઈ ગયા છે. ચીને જ્યારે કઠોર વલણ અપનાવેલું છે ત્યારે તેની સાથે કેવી રીતે પેશ આવવું તેની રણનીતિ તૈયાર કરવામાં આવી રહી છે. આ બેઠકમાં ભારતીય સૈનિકો પણ સામેલ રહેવાના છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

'હરપળ જીવનની ખુશી આપી તમે, સ્નેહભરી સૌને લાગણી આપી તમે,
આમ એકાએક ચાલી નીકળ્યા તમે, કહો હવે ક્યાં જઈને રડીએ અમે ?

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

શહીદ સંજયકુમાર એમ. સાધુ
પોલીસ ઈન્સ્પેક્ટર, બીએસએફ
સ્વ. તા. ૧૮/૮/૨૦૧૯

એજ લી.
અંજના સંજયકુમાર સાધુ (પત્ની)
શ્રદ્ધા સંજયકુમાર સાધુ (પુત્રી)
આસ્થા સંજયકુમાર સાધુ (પુત્રી)
ઓમ સંજયકુમાર સાધુ (પુત્ર)